# ઘ-૪ અન્ડરપાસની દિવાલો પર અત્યારથી તિરાડો દેખાઈ..!!

## સતત ભ્રષ્ટાચારના આક્ષેપોમાં રહેલા અન્ડરપાસની ગુણવત્તા બાબતે વધુ એકવાર સવાલો ખડાં થયાં

ગાંધીનગર તા. ૨૬

ગાંધીનગરના મધ્યમાં મુખ્ય માર્ગ 'ઘ' રોડ પર ઘ-૪ જેવા હાર્દ સમા વિસ્તારમાં બનાવાયેલો અન્ડરપાસ શરૂઆતથી જ કોઈને કોઈ વિવાદમાં સપડાયેલો રહ્યો છે. હજુ પણ આ અન્ડરપાસ બનાવવાની જરૂરિયાત જ નહોતી તેવો માનનારો શહેરમાં એક મોટો વર્ગ છે. સતત ભ્રષ્ટાચારના આક્ષેપોમાં રહેલા આ અન્ડરપાસની ગુણવત્તા બાબતે વધુ એકવાર સવાલો ખડાં થઈ રહ્યાં છે જેમકે આ અન્ડરપાસની દિવાલો પર અત્યારથી જ તિરાડો પડતી જોવા મળી રહી છે.

ઘ-૫ સર્કલથી પથિકાશ્રમ બસ ડેપોને જોડતા ઘ-માર્ગ પરના ઘ-૪ના અન્ડરપાસમાં અગાઉ પાણી પડવા, જાળીઓ ખખડવા અને રોડની સરફેસીંગ વગેરે બાબતે વિવાદ સર્જાઈ ચુક્યાં છે જેના કારણે અંડરપાસ બનાવવામાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાના પણ આક્ષેપો થયા છે. હવે આ અન્ડરપાસની દિવાલો પર અત્યારથી જ તિરાડો જોવા મળી



રહી છે જેને કેટલાંક જાગૃત યુવા નાગરિકો દ્વારા સોશિયલ મિડીયાન માધ્યમથી જનતા સમક્ષ મુકવા પ્રયાસ કરાયો છે.

અન્ડરપાસની દિવાલો પરની તિરાડોના કારણે ફરી એકવાર તેની ગુણવત્તા બાબતે સવાલો ખડા થયાં છે. આ તિરાડોના કારણે ભવિષ્યમાં દિવાલોના પડખા તુટીને પડે તો મોટો અકસ્માત સર્જાય તો કોઈનો જીવ પણ જોખમમાં મુકાઈ શકે તેવી શક્યતાને પગલે સત્વરે તેની ચકાસણી કરી તાત્કાલિક પગલાં ભરવા જરૂરી જણાઈ રહ્યાં છે અને જો કામની ગુણવત્તા ઉતરતી કક્ષાની જણાય તો જવાબદાર સામે કાર્યવાહી થવી જોઈએ તેવી યુવાનો સોશિયલ મિડીયામાં રજુઆત કરી રહ્યાં છે. આ ઉપરાંત તેની ઉપરના વિજ થાંભલા પૈકી કેટલાંકના ઢાંકણના હોવાથી ખુલ્લાં વાયરોને કારણે વરસાદી સમયમાં વિજકરંટ લાગવાનું જોખમ પણ તોળાઈ રહ્યું છે.



**છાલા સ્થિત શેઠ કે. એમ. સર્વોદય ઉ.મા. શાળામાં ઓફલાઈન વર્ગોનો પ્રારંભ**

હવે બીજી લહેર લગભગ પૂર્ણ થવાના આરે છે. કોરોના સંક્રમણ ઘટતા કોરોના કેસો ઘટવા લાગ્યા છે. ધીમે ધીમે વિવિધ ધોરણના વર્ગોનો શુભારંભ થઈ રહ્યો છે. અગાઉ ધો. ૧૨ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન વર્ગો શરૂ કર્યા બાદ આજથી ધો. ૯ થી ૧૧ ના સ્કૂલ માટે ઓફલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા જેમાં એસ.ઓ.પી. મુજબ ૫૦ ટકા વિદ્યાર્થીઓને સ્કૂલમાં બોલાવવામાં આવશે. જે તે વિદ્યાર્થીના વાલીએ સંમતિ લેવાની રહેશે. તબક્કાવાર શિક્ષણ વર્ગો ઓફલાઈન શરૂ કરવામાં આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાની છાલા સ્થિત શેઠ કે.એમ. સર્વોદય હાઈસ્કૂલમાં દોઢ વર્ષ બાદ ધો. ૧૨ના વિદ્યાર્થીઓ ઉપરાંત તા. ૨૬ જુલાઈથી ધો. ૯ થી ૧૧ના વર્ગોમાં શિક્ષણકાર્ય ઓફલાઈન વર્ગોનો શુભારંભ કરવામાં આવ્યો. પરિણામે શાળાના શિક્ષકો વાલીઓ અને વિદ્યાર્થીઓમાં લાંબા સમય બાદ શિક્ષણકાર્યમાં જોડાવવાથી અનેરો ઉત્સાહ-ઉમંગ જોવા મળી રહ્યો છે.

# ગુજરાતમાં અત્ર-તત્ર સર્વત્ર વરસાદ સૌથી વધુ લોધિકામાં ૮ ઈંચ વરસાદ

## છોટાઉદેપુર, કવાંટ, બેચરાજીમાં ૬ ઈંચથી વધુ વરસાદ : ૨૧૫ તાલુકામાં મન મુકીને વરસ્યા મેઘરાજ, જામનગરમાં આભ ફાટ્યુ, 3 કલાકમાં ૧૦ ઇંચ વરસાદ ખાબકતા જળબંબાકાર

ગાંધીનગર,તા.૨૬

રાજયમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૨૪૦ તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે જેમાં ૨૦૦ તાલુકાઓમાં અડધાથી આઠ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ રાજકોટના લોધિકામાં ૮ ઈંચ વરસાદ જયારે છોટાઉદેપુર, કવાંટ, બેચરાજી, કાલાવાડ અને તિલકવાડા સહિતના તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૨૫ તાલુકામાં ૪ થી ૮ ઈંચ, ૬૦ તાલુકામાં ૨ થી ૪ ઈંચ, ૭૫ તાલુકામાં ૧ થી ૨ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે.

જામનગરના જામજોધપુર તાલુકાના નરમાણામાં આભ ફાટ્યા બાદ ૩ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ નોંધવામાં આવ્યો હતો. કાલાવડમાં પણ ૪ કલાકમાં ૬ ઈંચ વરસાદ થયો હતો. છોટાઉદેપુરમાં ૭.૫ ઈંચ, કવાંટમાં ૬.૭૩ ઈંચ અને ધ્રોલ તેમજ જોડિયામાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગે રાજયમાં ૨૭ જુલાઈ સુધી વરસાદનો સિલસિલો ચાલુ રહેવાનુ પૂર્વાનુમાન કર્યુ છે. ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ જ્યારે અમુક સ્થળોઓ મૂસળધાર વરસાદ વરસી શકે છે.

૧૦ ઈંચ વરસાદ ખાબકતા જામજોધપુરનો સોગઠી ડેમ ઓવરફલો થયો હતો. કાલાવડ પંથકના છતરમાં પણ ઘોડાપુર આવ્યુ હતુ. જેના કારણે વાહનો કોઝવે તણાઈ ગયા હતા. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે આરસંગ નદીમાં ઘોડાપુર આવ્યુ હતુ. સોરઠના માણાવદરમાં ૫, જૂનાગઢના વંથલી પંથકમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત કેશોદ, મેંદરડામાં અઢી ઈંચ વરસાદ નોંધવામાં આવ્યો હતો. રાજકોટના ગોંડલ તાલુકામાં શનિવારે બપોરે ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા વચ્ચે માત્ર ૪ કલાકમાં ૧૧૯ મીમી વરસાદ નોંધવામાં આવ્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રાજકોટના લોધિકા તાલુકામાં ૫૧ મીમી અને કોદાસંગણીમાં ૪૫ મીમી વરસાદ નોંધવામાં આવ્યો છે. વરસાદના કારણે રાજયના સરદાર સરોવર નર્મદા ડેમ સહિતના ૨૯ ડેમની સપાટીમાં વધારો થયો છે. નર્મદા ડેમમાં એક દિવસમાં ૧૦ સેમીનો વધારો થયો હતો. વરસાદના લીધે ૨૨,૭૭૨ ક્યુસેક પાણીની આવક થતા સપાટી ૧૧૫.૩૭ મીટર પર પહોંચી છે. વળી, રાજ્યના ઉકાઈ, વાતરક, મેશ્વો, વણાંકબોરી, પાનમ, કડાણા, કરજણસુખી, દાંતિવાડા સહિતના ડેમમાં પાણીની આવક વધી છે. ખેડા જિલ્લાના કપડવંજમાં સવા બે ઈંચ, નડિયાદ, મહુધા, કઠલાલ અને મહેમદાવાદમાં દોઢ ઈંચ, આણંદ-ખંભાતમાં એક, ઉમરેઠમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. ઉત્તરગુજરાતની વાત કરીએ તો સાબરકાંઠાના પ્રાંતિજમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો.

# ... લાંચ કેસમાં સરકારી અધિકારીને ૨ વર્ષની સજા

## રાજકોટ સિંચાઇ વિભાગના અધિક્ષક ઇજનેરે બદલી બાદ કર્મચારીને છુટા કરવા માટે વર્ષ ૨૦૦૬ માં નવા સચિવાલયની લોબીમાં રૂ ૨૦ હજારની લાંચ લીધી હતી

ગાંધીનગર તા ૨૬

બદલી બાદ કર્મચારીને છુટા કરવા માટે રૂ ૨૦ હજારની લાંચ લેવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૨ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. એ સી બી એ છટકુ ગોઠવી લાંચની રકમ પણ રીકવર કરી હતી.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આરોપી જીતેન્દ્ર કાંતિલાલ શાહ રાજકોટના સિંચાઈ વર્તુળ વિભાગમાં અધિક્ષક ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા. આ દરમિયાન આ કેસના ફરિયાદી કુકાભાઈ નાગજીભાઈ વાઘેલા સરદાર પટેલ સિંચાઈ પેટા વિભાગ -૧૩ લીંબડીથી સુરેન્દ્રનગર જળસિંચન પેટાવિભાગની ખાલી જગ્યાએ બદલી થઈ હતી જયારે બદલીવાળી જગ્યાએ હાજર થવા માટે છુટા કરવા માટે જિતેન્દ્ર કાંતિલાલ શાહે સત્તાઅધિકારી હોવાથી તેમણે આ કામ માટે કુકાભાઈ પાસે રૂ ૨૦ હજારની લાંચની માંગણી કરી હતી આ અંગે કુકાભાઈએ

તા ૫ ઓગષ્ટ વર્ષ ૨૦૦૬ ના રોજ સુપ્રિટેન્ડેન્ટ જીતેન્દ્ર શાહને મોબાઈલ ફોન પર તેમને ફરજમાંથી છુટા કરવા વિનંતી કરી હતી. આ દરમિયાન આરોપી જિતેન્દ્ર શાહે તેમને રાજકોટની કચેરી ખાતે બોલાવ્યા હતા. આ વેળાએ તેમણે કુકાભાઈ પાસે રૂ ૨૦ હજારની લાંચની માંગણી કરી રકમ કેવી રીતે આપવી તે અંગે પણ વાત કરી હતી.

જયારે ગાંધીનગર સચિવાલયમાં પૈસા લઈને આવવા જણાંવ્યુ હતુ. આ મામલે એ સી બીમાં ફરિયાદ કરી હતી. જેના અનુસંધાને રાજય સેવકોને પંચ તરીકે રાખી એ સી બી એ નવા સચિવલાયના સાતમા માળે લોબીમાં લાંચના છટકાનુ આયોજન કરી આરોપીને લાંચ લેતા ઝડપી લીધા હતા. જયારે આ રકમ પણ તેમની પાસેથી રીકવર કરાઈ હતી. આ કેસ ગાંધીનગરની ત્રીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ ની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા માટે પણ સરકારી વકીલે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ પુરાવાઓને ધ્યાને લઈ જજ એસ એન સોલંકીએ આરોપી જિતેન્દ્ર શાહને ૨ વર્ષની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.



લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા ગૌરી વ્રત નિમિત્તે શહેર સ્થિત આદીવાડાની દીકરીઓને ગૌરી વ્રત નિમિત્તે ડ્રાયફ્રુટ અને શૃંગારની વસ્તુઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત આદીવાડા સ્થિત વિકલાંગ ભાઈને ટ્રાયસિકલ પણ અપાઈ હતી. આ કાર્યક્રમમાં પ્રેસિડન્ટ વૈશાલી જોષી સાથે અર્ચના દવે તથા ફેમિના કલબના તમામ સભ્યો સાથે ભૂતપૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા (ડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વિકાસ પેનલના સાત ચૂંટાયા

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના મુખ્યમથક ગણાતા ચિલોડા ખાતે ૨૫મી જુલાઈના રોજ ધી ચિલોડા (ડ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની વ્યવસ્થાપન કમિટીમાં દસ સભ્યો માટેની રસાકસીભરી ચૂંટણીમાં વિકાસ પેનલ અને પરિવર્તન પેનલમાં દસ-દસ સભ્યોએ ઉમેદવારી નોંધાવી ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ. ત્યારે ૫૧૦ સભાસદો ધરાવતા મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતુ. બપોરે ૪ વાગ્યા બાદ



મતદાનની ગણતરી કર્યા બાદ મંડળીના મતદાન મથકે મોટી સંખ્યામાં ઉમેદવારો સમર્થકો અને ટેકેદારો સભાસદોએ ભારે ઉત્સાહથી ગામના ચોકમાં ભારે પરિણામની ઈંતજારીના દ્રશ્યો સર્જાયા હતા. આ ચૂંટણીમાં વિકાસ પેનલમાં મહેશભાઈ બી. પટેલ, જયંતિભાઈ જી. પટેલ, જેસંગભાઈ સી. પટેલ, નટવરજી જી. ઠાકોર, નિકુંજભાઈ વી. પટેલ, પ્રહલાદભાઈ એ. પટેલ તથા રણછોડજી ડી. ઠાકોર એમ સાત સભ્યોનો સમાવેશ થાય છે. પરિવર્તન પેનલમાં માત્ર ત્રણ સભ્યોમાં જગદીશભાઈ સી. પટેલ, કિરીટભાઈ એમ. પટેલ તથા પંકજભાઈ એન. પટેલ ચૂંટાયા હતાં.

### હિંસા ભડકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અપીલ કરી છે. તેમણે કહ્યું- આદરણીય ઝોરાથાંગાજી... કોલાસિબ (મિઝોરમ) એસપીએ અમને અમારી પોસ્ટથી ત્યાં સુધી હટવાનું કહ્યું છે જ્યાં સુધી તેના નાગરિક વાત નથી સાંભળતા અને હિંસા નથી રોકાતી. તમે જણાવો આવી પરિસ્થિતિમાં આપણે કઈ રીતે સરકાર ચલાવી શકીએ. મને આશા છે કે તમે જલદી આ મામલામાં દખલ દેશો.

અસમના મુખ્યમંત્રી સરમાને ટ્વીટ કરીને ઝોરામથાંગાએ જવાબ આપ્યો અને અસમ પોલીસ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે લખ્યું- પ્રિય હિમંતાજી માનનીય અમિત શાહજી તરફથી મુખ્યમંત્રીઓની શાંતિપૂર્ણ બેઠક બાદ આશ્ચર્યજનક રૂપથી અસમ પોલીસની બે કંપનીઓએ નાગરિકો પર લાઠીચાર્જ કર્યો. એટલું જ નહીં અસમ પોલીસે નાગરિકો પર ટીયર ગેસના સેલ છોડ્યા. તેમણે મિઝોરમની સરહદમાં સીઆરપીએફ કર્મીઓ અને મિઝોરમ પોલીસ પર પણ હુમલો કર્યો.

આમ તો બંને પાડોશી રાજ્યો વચ્ચે સરહદ વિવાદ જૂનો છે. બંને રાજ્યોએ સરહદ વિવાદને કતમ કરવા માટે વર્ષ ૧૯૯૫ બાદથી ઘણી વાર્તાઓ કરી પરંતુ તેનો કોઈ ફાયદો થયો નથી. મિઝોરમના ત્રણ જિલ્લા આઈઝોલ, કોલાસિબ અને મમિત અને અસમના ત્રણ જિલ્લા કછાર, કરીમગંજ અને હેલાકાન્ડી એકબીજા સાથે જોડાયેલા છે. રાજ્યોના આ જિલ્લા એકબીજા સાથે લગભગ ૧૬૪.૬ કિલોમીટરની લાંબી સરહદ શેર કરે છે. હાલનો વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અમિત શાહે પૂર્વોત્તરનો પ્રવાસ કર્યો હતો.

### રાજીનામુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લિંગાયત સમુદાયના કોઈ નેતાને સીએમ બનાવવાની છે પણ ભાજપ બીજા સમુદાયના નેતાને સીએમ તરીકે જોવા ઈચ્છે છે.

ઉલ્લેખનીય છે કે, લિંગાયત સમુદાયના ૫૦૦ જેટલા સંતોએ ગઈકાલે યેદિયુરપ્પાને સીએમ તરીકે ચાલુ રાખવા માટે માંગ કરી હતી.

જોકે યેદિયુરપ્પાએ હાઈકમાન્ડના નિર્ણયનો સ્વીકાર કરીને રાજીનામુ આપ્યુ છે અને પાર્ટી જે પણ જવાબદારી સોંપશે તે અદા કરવા માટેની તૈયારી બતાવી છે.

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ વિરૂદ્ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ રૂલ્સ અંતર્ગત એક્શન લેવામાં આવી છે. સાથે જ ધરપકડ કરવામાં આવી છે તે સૌ કાવડિયાઓને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની ત્રીજી લહેરના અંદેશાને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકારે સત્તાવાર રીતે કાવડ યાત્રા પર પ્રતિબંધ મુકી દીધો હતો. આ કારણે હાલ કાવડ લઈ જવી અને તેના સાથે સંકળાયેલા કોઈ પણ કાર્ય કરવા પર પ્રતિબંધ છે. જાણવા મળ્યા મુજબ ધરપકડ કરવામાં આવી છે તે સૌ કાવડિયા હરિયાણાના સોનીપતના રહેવાસી હતા. સ્થાનિક સીઓ સિટી અભય સિંહના કહેવા પ્રમાણે પ્રતિબંધ છતા હર કી પૌડી ખાતે કેટલાક લોકો દ્વારા નિયમભંગનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અમે કાવડિયાઓના વેશમાં રહેલા ૧૪ લોકોની ધરપકડ કરી છે. વધુમાં જણાવ્યું કે, આ વર્ષે જે લોકો કાવડની સામગ્રી વેચશે તેમના વિરૂદ્ધ પણ એક્શન લેવામાં આવશે. તેને લઈ સતત જાગૃત્તિ ફેલાવવામાં આવી રહી છે. કોરોના સંકટને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ ઉપરાંત દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ સહિત તમામ અન્ય સરકારોએ કાવડ યાત્રા પર પ્રતિબંધ મુકી દીધો છે. જોકે લોકો શિવરાત્રી નિમિત્તે મંદિરોમાં પૂજા કરી શકશે પણ તે દરમિયાન કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે.

### ટ્રેક્ટર ચલાવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાયદાઓનો વિરોધ કર્યો હતો. જોકે ખાસ વાત એ છે કે, દિલ્હી પોલીસે બાદમાં તે ટ્રેક્ટર જ જપ્ત કરી લીધું હતું.

હકીકતે સંસદના ચોમાસુ સત્રના કારણે તે વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ રહે છે. આ સંજોગોમાં રાહુલ ગાંધી અગાઉથી કોઈ પણ જાતની સૂચના આપ્યા વગર ટ્રેક્ટર ચલાવીને સંસદ ભવન પહોંચ્યા હતા. રાહુલ ગાંધી તો સંસદ ભવનમાં પહોંચી ગયા પરંતુ બાદમાં દિલ્હી પોલીસે કોંગ્રેસી નેતા રણદીપ સુરજેવાલા, શ્રીનિવાસ બી.વી.ને કસ્ટડીમાં લીધા હતા.

તે સિવાય પોલીસે તે ટ્રેક્ટરને પણ કબજામાં લઈ લીધું હતું. સાથે જ અનેક કોંગ્રેસીકાર્યકરોને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. દિલ્હી પોલીસના સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે કોંગ્રેસ દ્વારા આ પ્રદર્શનની મંજૂરી નહોતી લેવામાં આવી. કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા કૃષિ કાયદાની વિરૂદ્ધમાં છેલ્લા એક વર્ષથી હોબાળો ચાલુ છે. ખેડૂતો દ્વારા દિલ્હીની અલગ અલગ સરહદોએ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે અને હવે દિલ્હીના જંતર-મંતર ખાતે ખેડૂત સંસદ બેસાડવામાં આવી છે.

જ્યાં સુધી ચોમાસુ સત્ર ચાલશે ત્યાં સુધી જંતર-મંતર ખાતે ખેડૂતો દ્વારા ખેડૂત સંસદ ચલાવવામાં આવશે. આ દરમિયાન આશરે ૨૦૦ ખેડૂતોને ત્યાં રહેવાની મંજૂરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પાર્ટી સતત કૃષિ કાયદાના વિરોધમાં પ્રદર્શન કરી રહી છે. સંસદમાં પણ કોંગ્રેસ દ્વારા હંગામો કરવામાં આવી રહ્યો છે. સોમવારે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સરકારે ત્રણેય કૃષિ કાયદા પાછા લેવા પડશે, આ ખેડૂતોનો અવાજ છે.

### બેઠકોની સંખ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્તિ ચિદમ્બરમે પણ સમર્થન કર્યુ છે. કાર્તિએ કહ્યુ હતુ કે, આ નિર્ણય પહેલા જાહેર ચર્ચા કરવી જરૂરી છે. મોટો દેશ હોવાના નાતે વધારે સાંસદોની જરૂર છે પણ જો જનસંખ્યાના આધારે બેઠકો વધારવામાં આવી તો દક્ષિણ ભારતના રાજયોનુ પ્રતિનિધિત્વ ઘટી જશે.

આ પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પણ દેશમાં વસતીને ધ્યાનમાં રાખીને સંસદમાં બેઠકોની સંખ્યા વધારવાની જરૂર છે તેમ કહ્યુ હતુ. ઉપરાષ્ટ્રપતિ વૈકેયા નાયડુના ભાષણોના સંકલનનુ વિમોચન કરતી વખતે પ્રણવ મુખરજીએ આ વાત કહી હતી અને કહ્યુ હતુ કે, વસતીની સામે લોકોને તે પ્રમાણે સંસદમાં પુરતુ પ્રતિનિધિત્વ મળવુ જોઈએ.

### વરસાદની ઘટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વર્ષે જિલ્લામાં આજ તારીખ સુધીમાં ૧૬૯ મી.મી. સરેરાશ વરસાદ અને ૨૨.૦૪ ટકા સિઝનનો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદનું આગમન થતાં ખેડૂતો હવે વરાપ નીકળતાં દિવેલા, શાકભાજી, ડાંગર તેમજ કઠોળ પાકનું વાવેતર શરૂ કરશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે બંગાળની ખાડીમાં ઉભા થયેલ લો પ્રેશર સિસ્ટમ અને અપર એર સરક્યુલેશનને પગલે હજુ વરસાદ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. વરસાદે આજે સાંજના ૬ પછી વિરામ લીધો છે.

જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે તેમજ થયેલી મેઘ મ્હેરને કારણે વાતાવરણમાં ઠંડક જોવા મળી રહી છે અને ગરમીનું પ્રમાણ ઘટતાં વીજ ઉપકરણોના વપરાશમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. વરસાદના આગમનને કારણે ગ્રામ્ય તળાવોમાં નવા પાણીની આવક થઈ છે. જો કે ગંદકીના થર પણ ઠેર ઠેર જામી ગયા છે.

### જોખમી આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાલી કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. તંત્ર પાસે પુરતા આવાસો જ નથી જેના લીધે જોખમી આવાસો ખાલી કરાવી અન્ય જગ્યાએ પણ મકાન ફાળવી શકાય તેમ નથી. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી જોખમી આવાસો તબક્કાવાર તોડવા માટે પણ તંત્ર કક્ષાએથી વિભાગ સમક્ષ મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવે છે. જે મુજબ અત્યાર સુધી સેકટરોમાં ઘણાં જોખમી બ્લોકનો કડુસલો કરાયો છે. જયારે હાલની સ્થિતિએ પણ શહેરમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૪ હજાર જેટલા સરકારી આવાસો ભયજનક હાલતમાં છે.

તંત્ર દ્વારા અગાઉ જોખમી આવાસો અંગે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. ત્યારબાદ જુના અને જોખમી મકાનો તોડવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી તબક્કાવાર મંજુરી માટે વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવે છે. અત્યાર સુધી સે-૨૨, સે-૨૯ સે-૬ સે-૭ અને સે-૧૬ તેમજ સે-૧૭ માં જુના આવાસો તોડવામાં આવ્યા છે. પરંતુ સમયાંતરે જોખમી આવાસોની સંખ્યા વધતી જાય છે બીજીતરફ નવા આવાસોના નિર્માણના અંતે પણ માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. આવા સંજોગોમાં જોખમી આવાસો ખાલી કરાવીને મકાનો તોડવા માટેની દરખાસ્ત કરવા માટે વિભાગ દ્વારા સુચવાયુ છે. ત્યારે હાલની સ્થિતિએ શહેરના મોટાભાગના જોખમી આવાસોમાં કર્મચારી પરિવારનો વસવાટ છે. શહેરમાં જુદી જુદી કક્ષાના ૪ હજાર જેટલા આવાસો જોખમી હાલતમાં છે. જયારે આ પૈકી અંદાજિત ૩ હજાર જેટલા જોખમી મકાનો હજુ ખાલી થઈ શક્યા નથી

### એક કેસ મળ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેઠળ છે. શહેરમાં છુટા છવાયા કેસો મળતાં તંત્રએ સર્વેલન્સ સઘન કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન અને ફરજીયાત માસ્કના અસરકારક અમલીકરણ માટે તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ નવો કેસ નોંધાયો નથી. જો કે ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાતંત્રના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં આજે માત્ર ૫ જ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગઈકાલે તંત્રએ ૪૪ કેસ દર્શાવ્યા હતા. આ બાબતે પુછતાં ૩૯ દર્દીને ડિસ્ચાર્જ અપાયાનું કહ્યુ હતુ જો કે તેમણે ક્યારે તે વિશે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. આજે ગ્રામ્ય વિસ્તારમાં રહેલા વ્યક્તીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. જો કે કેસ નોંધાયો નથી.